વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં

દેશના અમૃતકાળમાં ગુજરાતને અગ્રેસર રાખનારૂં બજેટ : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના અમૃતકાળમાં ગુજરાતને વિકાસમાં અગ્રેસર રાખનારૂં બજેટ ગણાવ્યું છે.

નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભામાં સતત બીજીવાર રજુ કરેલા બજેટને મુખ્યમંત્રીશ્રીએ કોઈપણ નવા કરવેરા વિનાના પ્રજાલક્ષી બજેટ તરીકે આવકારતા કહ્યું કે, કેપિટલ એક્સપેન્ડીચરની જોગવાઈમાં ગયા વર્ષની તુલનાએ ૯૧ ટકાનો વધારો રાજ્યની વિકાસ યાત્રામાં સિમાચિન્હ રૂપ બનશે.

તેમણે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની નેમ પાર પાડનારા આ બજેટને રાજ્યના અત્યાર સુધીના સૌથી મોટા બજેટ તરીકે બિરદાવ્યું હતું.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગત વર્ષના બજેટ કરતાં ૨૩ ટકાનો વધારો આ બજેટમાં કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં બે દાયકા કરતાં વધુ સમયથી દેશનું ગ્રોથ એન્જિન અને વિકાસ રોલ મોડેલ બન્યું છે. આ જ અવિરત વિકાસયાત્રાને વધુ વેગવંતી હરણફાળ ભરાવવાના ઉદ્દેશથી આ વર્ષનું બજેટ પાંચ સ્તંભ પર મુખ્યત્વે ધ્યાન કેન્દ્રીત કરતું બજેટ છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

આ જે પાંચ સ્તંભો છે તેની ભૂમિકા આપતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સમાજના ગરીબ જરૂરત મંદ વર્ગોને પાયાની સુવિધા અને સામાજીક સુરક્ષા, સંતુલિત અને સમતોલ વિકાસના લાભ સાથે માનવ સંસાધન વિકાસ, જન સુખાકારી અને આર્થિક સમૃદ્ધિને વધુ સુદ્રઢ બનાવવા વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવું, કૃષિ, ઉદ્યોગ અને સેવા અને ખાસ તો ટુરીઝમ દ્વારા નવી રોજગારીને મહત્વ આપવું, ગ્રીન ગ્રોથ-પર્યાવરણપ્રિય વિકાસ એ પાંચ બાબતોને બજેટમાં આવરી લેવાઈ છે. સામાજીક સુરક્ષાને અહેમિયત આપીને શ્રમિકોના કલ્યાણ હેતુથી શ્રમિકોને કામકાજના સ્થળથી નજીક રહેણાંકની વ્યવસ્થા માટે મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના શરૂ કરી છે. એટલું જ નહિ, જુદા-જુદા પ્રકારના નિર્માણ કાર્ય સાથે સંકળાયેલા કારીગરો-વિશ્વકર્માઓને વિવિધ પ્રોત્સાહનો આપી સ્વરોજગારીની તકો ઉભી કરાશે, તેમ પણ શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

સામાજીક સુરક્ષાની વિવિધ કલ્યાણ યોજનાઓ જરૂરતમંદ પરિવારો સુધી સુપેરે પહોંચે તે માટે દરેક પરિવારને ફેમિલી ઓળખ પત્ર આપવાની નવી બાબત બજેટનું અગત્યનું પાસું છે તેમ તેમણે જણાવ્યું હતું.

રાજ્યના બજેટમાં શિક્ષણ પર વધુ ભાર મુકાયો

સ્વાસ્થ્ય વીમાની મર્યાદા પાંચથી વધારીને દસ લાખની કરાઈ : સરકારનું ૨૦૨૩-૨૪નું કુલ બજેટ ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડનું, નાગરીકોને રાહત આપતા બજેટમાં કરવેરાના દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી

ગાંધીનગર, તા.૨૪

આજે ૧૫મી વિધાનસભાનું પ્રથમ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈ આજે બીજીવાર બજેટ રજૂ કરી રહ્યા છે. ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૩-૨૪નું કુલ બજેટ ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડ રૂપિયાનું છે. રાજ્યના દરેક સમાજના લોકોની નજર આ બજેટ પર છે. રાજ્યના બજેટમાં સરકારે નાગરીકોને રાહત આપતા બજેટમાં કરવેરાના દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.આ બજેટમાં શિક્ષણ વિભાગને સૌથી વધુ બજેટ ફાળવવામાં આવ્યુ છે. જેમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે ૧૫૧૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં સ્વાસ્થ્ય સુવિધાને લગતી રાજ્યના નાણાં પ્રધાનની મહત્વની જાહેરાત કરવામાં આવી છે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય અને મા યોજના કાર્ડ ધારકોની સારવાર ખર્ચમાં વધારો કર્યો છે. આ યોજનામાં કુટુંબ દીઠ વિમાની રકમ વાર્ષિક મર્યાદા રૂપિયા ૫ લાખ નક્કી કરી હતી. રાજ્ય સરકાર આ વખતે બજેટમાં પરિવારની વાર્ષિક મર્યાદામાં કર્યો વધારો છે. સ્વાસ્થ્યની વીમાની મર્યાદા ૫ લાખથી વધારીને ૧૦ લાખ કરાઈ છે.

રાજ્યના તમામ વિસ્તારો, ખાસ કરીને અંતરિયાળ વિસ્તારના લોકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. પ્રાથમિક આરોગ્ય સેવાઓની સાથોસાથ રેફરલ અને સુપર સ્પેશિયાલિટી સુધીની આરોગ્યલક્ષી સેવાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. દર્દીઓને દવાઓ સુલભ રીતે ઉપલબ્ધ થાય તેમજ જરૂરી નિદાન સેવાઓનો વ્યાપ ગ્રામ્યસ્તર સુધી વધે તે માટે સરકારે સઘન આયોજન કર્યુ છે. માતૃ અને બાળકલ્યાણ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી આ સેવાઓ વધુ સઘન અને સુલભ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરી આરોગ્ય સુનિશ્ચિત કરવા માળખાકિય સેવાઓનું સુનિયોજિત રીતે વિસ્તરણ કરવામાં આવશે. કેન્સર, ડાયાબિટીસ અને હાયપર ટેન્શન જેવા બિનચેપી રોગોનું નિદાન અને સારવાર માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

બજેટપોથીને પ્રથમવાર ખાટલી ભારતકામથી ગૂંથવામાં આવી

નાણા મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા બજેટ રજૂ કરાયું : સંસ્કૃતિ, સ્થાપત્ય અને સૌર ઉર્જાનો સુભગ સમન્વય એવા મોઢેરાના સુર્યમંદિરને બજેટ પોથીમાં સ્થાન આપવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં આજે નાણા મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. નાણામંત્રી તરીકે કનુ દેસાઈ આ વખતે બીજી વખત બજેટ રજૂ કર્યુ હતુ. આ વખતે બજેટની બજેટ પોથીમાં ઘણી વિશેષતાઓ જોવા મળી હતી. જેમ કે, હસ્તકળાને સ્થાન આપવામાં આવ્યું છે. સૌ પ્રથમ વખત ગુજરાત બજેટની બજેટપોથીને ખાટલી ભારતકામથી ગૂંથવામાં આવી છે.

ગુજરાત બજેટ પોથીમાં સ્થિત ગુજરાતના નકશામાં દર્શાવેલ મુખ્ય ક્ષેત્રોના પ્રતીક જેમ કે, કૃષિ અને પશુપાલન, શિક્ષણ, આરોગ્ય, પાણી પુરવઠો, ઉર્જા, ઉદ્યોગ અને પ્રવાસન વગેરે ક્ષેત્રોની ડિઝાઈન બજેટમાં સમાવિષ્ટ વિકાસના ક્ષેત્રોની પ્રાથમિકતા દર્શાવે છે.

સંસ્કૃતિ, સ્થાપત્ય અને સૌર ઉર્જાનો સુભગ સમન્વય એવા મોઢેરાના સુર્યમંદિરને બજેટ પોથીમાં સ્થાન આપવામાં આવ્યું હતું. બજેટની વિશેષતાને લઈ ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ ટ્વિટ કરીને કહ્યું હતું કે 'ગુજરાતની અર્થવ્યવસ્થા સાથે ગુજરાતની સાંસ્કૃતિક કળાને સૂચક રૂપે જોડતું નવું અભિગમ' છે.

રાજ્યના બજેટમાં કરાયેલી મહત્વપૂર્ણ જાહેરાત

- શ્રમિકોને ભોજન આપતી યોજનોના વિસ્તાર કરવાનાં આવશે.
- વિધવા સહાય, વૃદ્ધ પેન્શનમાં વધારો કર્યો હતો, પ્રવાસન થકી રોજગારી સર્જન કરવાનું સરકારનું લક્ષ્યાંક છે
- અન્નપુર્ણા શ્રમિક યોજનાના ૧૫૦ નવા કેન્દ્રો શરુ કરાશે
- મુખ્યમંત્રી આદિજાતી ઉત્કર્ષ યોજના જાહેર કરવામાં આવી છે
- સ્વાસ્થ્યની વીમાની મર્યાદા પાંચથી વધારી ૧૦ લાખ કરવામાં આવી છે.
- ૨૦ હજાર નવી કોમ્પ્યુટર લેબ ઉભી કરાશે.
- ઓનલાઈન શિક્ષણનો વ્યાપ વધારવા ડિજિટલ લાઈબ્રેરીની રચના કરવામાં આવશે
- કેશોદ એરપોર્ટ વિસ્તરણ કરવામાં આવશે અને દ્વારકામાં નવા એરપોર્ટ બનવાની જાહેરાત કરવામાં આવી છે.
- રાજ્યમાં નવી ૧૯૮ એમ્બ્યુલન્સ માટે ૫૫ કરોડ ફાળવાશે.
- મહીસાગર, ડાંગમાં નવી મેડિકલ કોલેજની સ્થાપના થશે
- ધોલેરામાં દેશના પહેલા સેમિકંડક્ટર પ્લાન્ટની જાહેરાત કરવામાં આવી છે.
- રાજ્યની ૬ હજાર પ્રાથમિક શાળામાં શાળા સહાયકો ઉપલબ્ધ કરાવવા માટે સરકાર દ્વારા ૮૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. નાણામંત્રીએ ૪૦૦ જ્ઞાન સેતુ ડે સ્કૂલ માટે ૬૪ કરોડની જોગવાની જાહેરાત કરી છે.
- મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ માટે ૩૧૦૯ કરોડ તેમજ પ્રાથમિક શાળામાં ઈઈ એક્ટ હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રાઈવેટ શાળામાં અભ્યાસ માટે ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે જ્યારે ડિજિટલ લર્નિંગને પ્રોત્સાહન આપવા માટે ૪૦૧ કરોડ ફાળવવામાં આવ્યા છે.



ધુમ્મસ - ઉનાળાના આગમનની સાથે સાથે ઠંડી વિદાય લઈ રહી છે ત્યારે ગુરૂવારની રાત્રે ઠંડીમાં અચાનક વધારો નોંધાયો હતો... જ્યારે અમદવાદામાં શુક્રવારે વહેલી સવારે ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું...

બજેટમાં મોંધવારી ઘટાડવા માટે કોઈપણ જોગવાઈ નથી : અમિત ચાવડા

ચૂંટણી પૂરી થતાં જ પ્રજા ભૂલાઈ ગઈ : રાજ્યના બજેટ પર કોંગ્રેસની પ્રતિક્રિયા

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત રાજ્યના નાણામંત્રીએ આજે ૧૫મી વિધાનસભાનું પ્રથમ બજેટ રજૂ કર્યુ હતું ત્યારે આ બજેટ પર કોંગ્રેસ પક્ષની પહેલી પ્રિતિક્રિયા સામે આવી હતી. વિપક્ષના નેતા અમિત ચાવડાએ કહ્યું કે ચુંટણી પુરી થયા બાદ સરકાર જનતાને ભુલી ગઈ છે.

નવી ચૂટાયેલી ભાજપ સરકારે જે બજેટ રજૂ કર્યુ છે તેના પર કોંગ્રેસની પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ જણાવ્યુ હતું કે રાજ્યમાં ૧૫૬ સીટો ધરાવતી સરકાર બની છે ત્યારે અમૃતકાળના બજેટમાં લોકોના ભાગે અમૃત આવ્યુ ન હતું. આ ઉપરાંત તેમણે કહ્યુ હતું કે ખેડૂતોને જે આશા હતી કે તેમની આવક બમણી થશે પણ આ બજેટમાં તેનાથી વિપરીત ખેડૂત પાયમાલ થઈ જશે. આ ઉપરાંત ખેડૂતોના આર્થિક દેવા માફ કરવાની પણ કોઈ જોગવાઈ નથી. ગુજરાતના યુવાનોને નવી ભરતી અને રોજગારની અપેક્ષા હતી પણ સરકારે કોઈ આયોજન કે રોજગાર માટે કોઈ મોટી જાહેરાત કરવામાં આવી ન હતી તેમ તેણે જણાવ્યુ હતું. રાજ્યમાં વધી રહેલી મોંધવારી મુદ્દે અમિત ચાવડાએ કહ્યુ હતું કે રાજ્યના બજેટમાં મોંધવારી ઘટાડવા માટે કોઈપણ જોગવાઈ નથી એટલે મધ્યમ વર્ગને આ બજેટથી નિરાશા અનુભવશે.

ગુજરાત રાજ્ય દેવામાં છે પણ એની કોઈ વાત નથી કરતુ અને મોટા મોટા આંકડાની માયાજાળ રચાવામાં આવે છે. સરકારે રાજ્યમાં જૂની પેન્શન યોજના લાગુ કરવા માટે પણ કર્મચારીઓને જે વચનો આપ્યા હતા તે પણ આ બજેટમાં પૂરા કરવામાં આવ્યા નથી. આ ઉપરાંત ગુજરાતના અલગ કર્મચારીની માંગોને સંતોષવામાં આવી ન હતી અને આશા વર્કર બેન, આંગણ વાડી બહેનો તેમજ ફિક્સ પગારદારોને જે માંગણીઓ હતી તે સરકારે પુરી કરી નથી. ચૂંટણીમાં જે સ્વપ્નો બતાવાયા હતા તે ઠાલા નીવડ્યા છે.

ગેરકાયદે હથિયારના પાર્ટ્સ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ

વિદેશથી આવતો હતો ઓર્ડર : સંરક્ષણ મંત્રાલય તરફથી મળેલા લાઈસન્સના આધારે ગેરકાયદે પિસ્તોલની ડાઇ તેમજ સ્પેરપાર્ટ્સ બનાવતી ફેક્ટરી પકડાઈ

અમદાવાદ,તા.૨૪

રાજ્યમાં અનેક વખત ગેરકાયદેસર હથિયારની ફેક્ટરીઓ ઝડપાઈ હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. ત્યારે ફરી ગેરકાયદેસર હથિયારની ડાઇ તેમજ સ્પેરપાર્ટ્સ બનાવતી ફેક્ટરી પકડાઈ છે. નિકોલ પોલીસે ફેક્ટરીના માલિક અને મેનેજરની ધરપકડ કરી છે. જેઓ લાયસન્સ વગર હથિયારના સ્પેરપાર્ટ બનાવતા હતા. નિકોલ પોલીસે ફેક્ટરીમાંથી રૂ. ૪૩.૩૯ લાખનો પિસ્તોલ બનાવવાની ૧૭ ડાઈ જપ્ત કરી છે. ત્યારે શું છે સમગ્ર મામલો.

પોલીસ કસ્ટડીમાં જોવા મળતા આરોપી કાનવ છાંટબાર અને સ્નેહલ હેડુ છે. જેમણે ગેરકાયદે હથિયારના સ્પેરપાર્ટ બનાવ્યા હતા. નિકોલ પોલીસે બાતમીના આધારે ભારત સરકારનાં સંરક્ષણ મંત્રાલય તરફથી મળેલા લાઈસન્સના આધારે ગેરકાયદે પિસ્તોલની ડાઇ તેમજ સ્પેરપાર્ટ્સ બનાવતી ફેક્ટરીને ઝડપી પાડી.

કઠવાડા **GIDC**માં આવેલ મેટા બિલ્ડ ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં નિકોલ પોલીસે રેડ કરીને ફેક્ટરીમાંથી રૂ. ૪૩.૩૯ લાખની પિસ્તોલ બનાવવાની ૧૭ ડાઈ બનાવીને વિદેશ મોકલતા હોવાનું ખુલ્યું હતું. જેથી પોલીસે કંપનીના માલિક કાનવ છાંટબાર, મેનેજર સ્નેહલ હેડુ, અને અશોક પ્રજાપતિ વિરુદ્ધ ગુનો નોંધીને ૨ વ્યક્તિની ધરપકડ કરી.

મેટા બિલ્ડ ઈન્ડટ્રીઝ નામની કંપનીને ૩ વર્ષ પહેલાં ભારત સરકારનાં સંરક્ષણ મંત્રાલયનું લાઈસન્સ નવ એમએમ પિસ્તોલના સ્પેરપાર્ટ્સ બનાવવાનું લાઈસન્સ છે અને આ લાઈસન્સના આધારે કંપની નવ એમએમ પિસ્તોલના સ્પેરપાર્ટ્સ બનાવે છે.. કંપનીને હાલમાં તુર્કીએ નવ એમએમ પિસ્તોલના અલગ અલગ સ્પેરપાર્ટ્સ બનાવવા માટે ઓર્ડર આપ્યો છે. તેના આધારે ઉત્પાદન કરી કાર્ગો મારફતે જે તે દેશને જરૂરી બિલો મળ્યા હતા.. પરંતુ આ કંપનીમાં રાઈફલ અને પિસ્તોલના સ્પેરપાર્ટ અને ડાઈ મળી આવી.

તપાસમાં ૨૦૧૭માં કંપનીએ સરકારની મંજૂરી વગર જર્મનથી મળેલા ઓર્ડરથી બનાવી હતી. પરંતુ આ ઓર્ડર એરપોર્ટમાં કાર્ગોથી મોકલવા જતા મંજૂરી નહિ હોવાથી પરત ફર્યો હતો. છેલ્લા ૬ વર્ષથી આ મુદ્દામાલ કંપનીમાં છુપાવીને રાખવામાં આવ્યો હતો.. આ ગેરકાનૂની હથિયારના સ્પેરપાર્ટ બનાવવાની ફેકટરી છેલ્લા કેટલાય સમયથી ધમધમતી હતી.

અમદાવાદ એરપોર્ટ પર પ્રવાસીને મળશે વધારે સારી સુવિધા

સિક્યુરિટી હોલ્ડ એરિયાની ક્ષમતા બમણી કરાઈ: SVPI એરપોર્ટ પર છેલ્લા બે વર્ષથી ક્ષમતા વધારવા માટે કેટલીય સેવાઓ નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવ્યા છે

અમદાવાદ, તા.૨૪

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાનું કામ ચાલી રહ્યું છે. અહીં સતત પેસેન્જર ટ્રાફિકમાં વધારો થઈ રહ્યો છે. મુસાફરોના ઉત્કૃષ્ટ અનુભવને સુનિશ્ચિત કરવા ઘણા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ખુલ્લા મુકવામાં આવ્યા છે. જીઐૈ એરપોર્ટ પર હાલની ક્ષમતા કરતાં કરતાં બમણી ક્ષમતા ધરાવતા ડોમેસ્ટિક ટર્મિનલ પર નવો સિક્યોરિટી હોલ્ડ એરિયા ખોલ્લો મુકવામાં આવ્યો છે. જીઐૈ એરપોર્ટ પર મુસાફરોના આવાગમન સાથે ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યું હતું. કોવિડ બાદ મુસાફરોની સંખ્યા સતત વધી રહી છે. જીઐૈ એરપોર્ટ પર છેલ્લા બે વર્ષથી ક્ષમતા વધારવા માટે કેટલીય સેવાઓ નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવ્યા છે. ડોમેસ્ટિક ટર્મિનલ ગ્રાઉન્ડ ફ્લોર પર તમામ નવા જીઐૈછ અગાઉના જીઐૈછ વિસ્તારની તુલનામાં બમણી ક્ષમતા કરવામાં આવી છે. તાજેતરમાં બે નવા બસ બોર્ડિંગ ગેટ કાર્યરત કરવામાં આવ્યા છે. નવા જીઐૈછ સાથે કનેક્ટેડ છે. ૧૪૦૦ જેટલા જીઊસિક્યોરિટી હોલ્ડ એરિયામાં ઝડપી પેસેન્જર વેરિફિકેશન માટે ચાર ઈ-ગેટ છે વધારાના એક્સ-રે મશીનો સાથે સિક્યોરીટી ચેક માટે મેટલ ડિટેક્ટર દરવાજા રાખવામાં આવ્યા છે. મુસાફરોની સરળ અવરજવર માટે કતારના વિસ્તારને લગભગ ૫૦% સુધી વધારવામાં આવ્યો છે. સુરક્ષા તપાસ બાદ બેઠક ક્ષમતા ચાર ગણી વધીને ૧૬૦ થી ૬૪૮ થઈ ગઈ છે. જીઐૈ એરપોર્ટે ૭ લેન નવા આગમન પિક-અપ વિસ્તારને કાર્યરત કર્યા છે. પીકઅપ ડ્રોપ વિસ્તાર હવે ટર્મિનલના નવા વોકવે સાથે જોડાયેલો છે. બંને ટર્મિનલ પર ઘણા નવા પેસેન્જર વિસ્તારો વધારવામાં આવ્યા છે. અગ્રેસર ઔદ્યોગિક રાજ્ય તરીકે ઓળખાતું ગુજરાત, રાષ્ટ્રીય વિકાસમાં અગ્રેસર છે.

અમદાવાદ સ્ટ્રેટર્જીક લોકેશન તેમજ છેલ્લા બે દાયકાઓથી ઝડપી અને સમાવેશી વિકાસનાં કારણે કેન્દ્ર સ્થાને છે. અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પ્રસ્તાવિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ડેવલપમેન્ટ માટેનો પ્રયાસ એક વ્યવહારુ અને સ્થાયી બિઝનેસ ઈકોસિસ્ટમ સ્થાપિત કરવાનો છે. એરપોર્ટના કેચમેન્ટ એરિયાને વધારવો, અંદાજિત ટ્રાફિક અનુસાર એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

અમિત વિશ્વકર્માને એટીએસ-દરિયાઈ સુરક્ષાના એડીજીપી તરીકે બઢતી

સરકાર દ્વારા ત્રણ આઈપીએસ અધિકારીને પ્રમોશન : એમ.એસ ભરાડા અને એચ.આર. ચૌધરીને આઈજીપીનું પ્રમોશન

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સરકાર દ્વારા આજે ત્રણ આઈપીએસ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યુ છે. રાજ્ય સરકારના અધિક મુખ્ય સચિવના જાહેર કરાયેલા એક આદેશમાં એક અધિકારીને એડીજીપીનું પ્રમોશન અપાયુ છે જ્યારે ૨ અધિકારીઓને આઈજીપીનું પ્રમોશન આપવામાં આવ્યુ છે. વર્ષ ૧૯૯૮ બેંચના આઈજીપીને એટીએસ અને દરિયાઈ સુરક્ષાના એડીજીપી બનાવવામાં આવ્યા છે. રાજ્ય સરકારે ગુજરાતના ૩ આઈપીએસ અધિકારીઓને પ્રમોશન આપ્યુ છે. આજે રાજ્ય સરકારે અધિકારીઓને આપેલા પ્રમોશનમાં ૨ અધિકારીઓને આઈજીપીનું અને એક અધિકારીને એડીજીપીનું પ્રમોશન આપવામાં આવ્યુ હતું. ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ એ. કે રાકેશ દ્વારા જાહેર કરાયેલા એક આદેશ મુજબ આઈજીપી અમિત વિશ્વકર્માને એડીજીપીનું પ્રમોશન આપવામાં આવ્યુ છે. અમિત વિશ્વકર્માને એટીએસ અને દરિયાઈ સુરક્ષાના એડીજીપી બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત એમ.એસ ભરાડા અને એચ.આર. ચૌધરીને આઈજીપીનું પ્રમોશન આપવામાં આવ્યુ છે. એમ.એસ ભરાડાને અમદાવાદ સેક્ટર-૨ના જેસીપી તરીકે પ્રમોશન આપવામાં આવ્યુ છે. જ્યારે એચ. આર ચૌધરીને ઉર્જા વિભાગમાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર તરીકે પ્રમોશન આપવામાં આવ્યુ છે.

ઢગ ખડકાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે- ૫ માં હાલ આંતરિક માર્ગો ખોદાયેલા છે. માર્ગોનુ અસ્તિત્વ ભુંસાઈ ગયુ છે. આંતરિક વિસ્તારમાં રેતીના ઢગ પથરાયેલા જોવા મળે છે જ્યારે પવનની સાથે રહેણાંક વિસ્તારમાં સતત ધુળની ડમરીઓ ઉડતી રહે છે. આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓ એલર્જી શરદી ઉધરસની તકલીફોથી પરેશાન છે. સેકટરોમાં પાણીની તેમજ સ્ટોર્મ વોટર લાઈન નાંખવાની કામગીરી દરમિયાન ખોદકામના અંતે તુરંત જ સિમેન્ટ કોંક્રીટ તેમજ ડામરથી પુરાણ કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. જ્યારે પાટનગર યોજના વિભાગને પણ આ મામલે અનેકરજુઆતો મળતા તંત્રએ આ માટે ખોદકામ બાદ પુરાણ માટે ટીમ કાર્યરત રાખવા માટે પણ મહાનગરપાલિકા તેમજ પાણી પુરવઠા બોર્ડને પત્ર લખ્યો છે. શહેરમાં પાણી ગટર તેમજ સ્ટોર્મ વોટર લાઈન સહીતની કામગીરીને અનુલક્ષી એક યા બીજા કામ સંદર્ભે સતત ખોદકામ ચાલી રહ્યુ છે ત્યારે સ્થાનિકોના આરોગ્યને અનુલક્ષીને યોગ્ય કાર્યપધ્ધતિ અપનાવામાં આવે તે માટે પણ દરકાર લેવાતી નથી જ્યારે અધિકારીઓ દ્વારા પણ સ્થળ પર સુપરવિઝન કરવામાં આવતુ નથી.

અંદાજપત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોગવાઈ કરવામાં આવી છે. ધોરણ ૧ થી ૮ માં ઈઈ યોજના હેઠળ અભ્યાસ કરેલ હોય તેવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ધોરણ ૮ પછી પણ ખાનગી શાળામાં અભ્યાસ કરી શકે તે માટે ૨૦ હજારનું શાળા વાઉચર આપી સહાય કરવા ૫૦ કરોડની જોગવાઈ આ બજેટમાં કરાઈ છે.

નાણાંમંત્રીએ આગામી વર્ષના બજેટમાં જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની સેવાઓ માટે રુ. ૯૨૬૩ કરોડ ફાળવ્યા છે. જ્યારે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત મફત તબીબી સારવાર આપવા ૧૬૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

શહેરી વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ વધારે સુદ્રઢ કરવા રુ. ૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. નવજાત શિશુઓને જરૂરી તમામ આરોગ્ય વિષયક સેવાઓ આપવા માટે કાર્યરત જીદ્રઝેની સંખ્યામાં ૫૦ નો વધારો કરવામાં આવશે, જે માટે ૨૪ કરોડની જોગવાઈ કરાઈ છે. ૫૦ અંતરિયાળ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મહિલાઓ અને બાળકોના નિષ્ણાંત ડોકટરની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે ૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

વિધવા બહેનોને આર્થિક રીતે મદદ કરી તેમને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે ગંગા સ્વરૂપા યોજના અંતર્ગત ૧૮૭૯ કરોડની જોગવાઈ આ બજેટમાં કરાઈ છે. જ્યારે આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તથા બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા ૧૪૫૨ કરોડ ફાળવવામાં આવ્યા છે.

જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત ૭૧ લાખ રેશનકાર્ડ ધારક દ્રહ્વજીછ કુટુંબોને અન્ન વિતરણ કરવા ૬૧૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ઉજ્જવલા યોજનાનો લાભ મેળવનારા પરિવારોને દર વર્ષે બે રાંધણગેસ વિનામૂલ્યે રિફિલ કરી આપવામાં આવશે, જેના માટે સરકારે આ બજેટમાં ૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. શ્રીઅન્ન(મિલેટ)ના વપરાશને પ્રોત્સાહન આપવા તેમજ આહારમાં તેનો સમાવેશ કરવા બાજરી, જુવાર, રાગી(નાગલી) વગેરેની જાહેર વિતરણ વ્યવસ્થાથી વિતરણ કરવામાં આવશે. આ હેતુસર જરૂરી જથ્થાંની ખરીદી ખેડૂતો પાસેથી કરવા પ્રોત્સાહન આપવા માટે ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

પ્રસ્તાવ પસાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરાયું. પ્રસ્તાવમાં રાજદ્વારી પ્રયાસો માટે સમર્થનને બમણું કરવા માટે સભ્ય રાજ્યો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોને પણ બોલવાયા હતા. આ પ્રસ્તાવે યુક્રેનની સંપ્રભુતા અને પ્રાદેશિક અખંડતા માટે સમર્થનની પુષ્ટી કરી અને દેશના કોઈપણ ભાગ પર રશિયાના દાવાને ફગાવી દીધો હતો.

ઉધડો લીધો

● અનુસંધાન પહેલાનું ચાલુ

બમણાથી વધુ થઈ ગયો છે જેને લઈને પીએમ મોદી ગુસ્સે થયા હતા. તેમણે આ અંગે ચિંતા વ્યક્ત કરતાં અધિકારીઓને સલાહ પણ આપી હતી. આ પ્રોજેક્ટ હેઠળ ૮૯૧ કિલોમીટરની ગેસ પાઈપલાઈન પાથરવાની હતી. જેનો ફાયદો લગભગ ૩ રાજ્યોને થવાનો હતો.

પ્રગતિ સમીક્ષા બેઠકમાં લાંબા સમયથી બે પેન્ડિંગ યોજનાઓનો ઉલ્લેખ કરાયો હતો. જેમાં એક યોજના છે કોચ્ચિ-કુટ્ટુનાડ-બેંગ્લુરુ-મેંગ્લુરુ પાઈપલાઈન ફેસ-૨ પ્રોજેક્ટ જે કોચ્ચિ એલએનજી ટર્મિનલથી લિક્વિડ નેચરલ ગેસને ટ્રાન્સફર કરશે. તેનાથી કેરળ, તમિલનાડુ, કર્ણાટક જેવા રાજ્યોમાં ગ્રાહકોને સરળતાથી એલએનજી ઉપલબ્ધ થશે. આ મહત્ત્વપૂર્ણ યોજના આ ત્રણેય દક્ષિણના રાજ્યોને ગેઈલની નેશનલ ગેસ ગ્રીડ સાથે જોડશે. આ પ્રોજેક્ટને ૨૦૦૭માં મંજૂરી અપાઈ હતી અને ૨૦૧૨માં તેના પર કામ પૂરું કરી લેવાનું લક્ષ્ય હતું પણ હવે તેને ૨૦૨૫ સુધીમાં પૂરું કરવાનું લક્ષ્ય રખાયું છે. ગત વર્ષે આ પ્રોજેક્ટ પૂરો કરવાનું લક્ષ્ય સપ્ટેમ્બર ૨૦૨૨ રખાયું હતું પણ પીએમ મોદીને જાણ કરાઈ કે હવે આ પ્રોજેક્ટ ફેબ્રુઆરી ૨૦૨૫માં પૂરો થશે. આ પ્રોજેક્ટ પાછળ ૨૯૧૮ કરોડ રુ.ના ખર્ચનું લક્ષ્ય રખાયું હતું જે હવે વધીને ૫૯૦૯ કરોડ રૂપિયા થઈ ગયું છે.

વડોદરામાં ગમખ્વાર અકસ્માતમાં એક જ પરિવારના ૫ લોકોનાં મોત

વડોદરા,તા.૨૪

ગુજરાતમાં અત્યારે સતત અકસ્માતની ઘટનાઓ સામે આવી રહી છે. તેવામાં અટલાદર પાદરા રોડ પાસે ગંભીર અકસ્માત થયો હતો. અહીં રિક્ષા અને ગાડી વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માત એટલો ભયંકર હતો કે રિક્ષાનું પડીકું વળી ગયું હતું. એટલું જ નહીં અહીં સ્થાનિકો પણ એકઠા થઈ જતા જોવાજેવી થઈ હતી. નોંધનીય છે કે આ અકસ્માત એટલો ગંભીર હતો કે રિક્ષામાં સવાર સમગ્ર પરિવારનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મીડિયા અહેવાલો પ્રમાણે રિક્ષામાં સવાર પરિવારના સભ્યો એક લગ્ન પ્રસંગમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. અહીં રૂટ પર ગાડી અને રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો. જેના કારણે ગાડીના આગળના ભાગને નુકસાન પહોંચ્યું હતું. તો બીજી બાજુ રિક્ષાનું તો જાણો પડીકું વળી ગયું હોય એવી સ્થિતિ સર્જાઈ હતી. નોંધનીય છે કે આ અકસ્માત એટલો ગંભીર હતો કે થોડા સમય માટે એ માર્ગ પર પણ ચક્કાજામ થઈ ગયો હતો. ત્યારપછી પરિવારના સભ્યોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવા માટેની તજવીજ શરૂ કરાઈ હતી. તથા સ્થાનિકો દ્વારા પોલીસને પણ જાણ કરી દેવામાં આવી હતી. રિક્ષામાં સવાર ૩ બાળકો અને તેમના માતા-પિતા લગ્ન પ્રસંગમાં હાજર આપી પરત ફરી રહ્યા હતા.